# 2026માં સ્માર્ટફોન કેટલા બદલાશે?



## ટેક-ટોક
★ આનંદ ગાંધી

2026માં જે સ્માર્ટફોન આવશે તેમાં પ્રોસેસર ફાસ્ટ થશે. કેમેરા લેન્સમાં પણ પરિવર્તન આવશે. સાઈબર સુરક્ષા AI બેઝ્ડ થશે. 5000 mAhની બેટરી ભૂતકાળ થઈ જશે. આમ તો હવે મોટાભાગની કંપનીઓ 4500થી 5000ની બેટરી આપતી નથી, છતાં 2026માં તો માર્કેટમાં આવી રહેલા 90% સ્માર્ટફોન્સમાં 7000 પ્લસ mAhની બેટરી જ જોવા મળશે.

AIની આ વર્ષે આવતા ફોન્સમાં મોટી ભૂમિકા હશે. કેટલાય ફીચર્સ ઓપરેટ કરવા માટે AI ટૂલ્સ ઉપયોગી થઈ પડશે. અત્યાર સુધી જે એપ્સ બેઝ્ડ AI છે તેનું સ્થાન આ વર્ષે ફોનમાં ઓપરેટિંગ સિસ્ટમમાં AI ટૂલ્સ લેશે. કોલ્સ, મેસેજ, ફોટો, વીડિયો અને સર્ચ સહિતના ફીચર્સમાં મોબાઈલના AI ટૂલ્સની અસર જોવા મળશે. જે નંબર પરથી સતત ફોન્સ આવશે તે તમે સેવ નહીં કરો તો પણ એનું નામ બતાવવા માંડશે. જે નંબરમાંથી સતત ફોન આવશે એ તમારા પ્રાયોરિટી લિસ્ટમાં રહેશે. મેસેજ વાંચી દેવાથી લઈને સર્વિસ મેસેજ ડિલિટ કરવા હશે તો એ માટે તમારે બહુ માથાકૂટ કરવી નહીં પડે. માત્ર ફોનને કમાન્ડ જ આપવાનો રહેશે.

ફોન દરમિયાન રિયલ ટાઈમ વોઈસ ટ્રાન્સલેશનથી લઈને સેકન્ડમાં ડોક્યુમેન્ટ્સ શોધી આપવાથી માંડીને મીટિંગની સમરી, સ્માર્ટ ફોટો એડિટિંગ ટૂલ્સ, રિમાઈન્ડર્સ વગેરે AIથી સરળ બનશે. અત્યાર સુધી ચેટજીપીટી, જેમિનાઈ વગેરે એપ્સની મદદથી જે કામ થતું હતું એ જ કામ હવે મોબાઈલમાં કંપનીઓએ જે AI એજન્ટ મૂક્યા હશે તે કરી આપશે.

અત્યારે આપણે AI ઈમેજ બનાવવા માટે એપ્સની મદદ લેવી પડે છે. ઘણી કંપનીઓ આ વર્ષે ફોટો સાથે એવું ટૂલ જોડી રહી છે જે તમે આપેલી ઈમેજના આધારે વિવિધ ઈફેક્ટ્સની ઈમેજ બનાવી આપશે. તે એટલે સુધી કે તમારે પ્રોમ્પ્ટ આપીને ઈમેજ બનાવવી હશે તો સુવિધા પણ મોબાઈલ આપશે. તે ઉપરાંત અત્યાર સુધી આઈફોનમાં ગેલેરી જે રીતે આપમેળે મેનેજ થતી હતી એવું હવે લગભગ 20 હજારની કિંમતમાં મળતા મોબાઈલમાં પણ થવા માંડશે. ફેસના આધારે ગેલેરી સ્વયં મેનેજ થાય છે એવું ફીચર ઉમેરાશે તો ગેલેરીના સેંકડો ફોટોમાંથી ચોક્કસ વ્યક્તિના ફોટો શોધવાનું આસાન બનશે. ટૂંકમાં, તમારા નવા ફોનમાં AIનો દબદબો વધશે.

આ વર્ષમાં જે મહત્ત્વનું પરિવર્તન જોવા મળશે એમાં મલ્ટિ સ્ક્રીન નોંધપાત્ર બનશે. મલ્ટિ સ્ક્રીનને આપણે પ્રચલિત અર્થમાં ફોલ્ડેબલ ફોન્સ કહીએ છીએ. 2026માં ફોલ્ડેબલ ફોન્સની ડિમાન્ડ વધશે. ડિમાન્ડ વધશે એટલે માર્કેટમાં એવા ફોન્સ વધુ માત્રામાં આવશે. કેટલીય કંપનીઓ 2025માં ફોલ્ડેબલ ફોન્સ આપી ચૂકી છે. આ વર્ષે જે કંપનીઓ બાકી રહી ગઈ છે એ પણ મલ્ટિ સ્ક્રીન ફોન્સ લઈને આવશે.

સેટેલાઈટ ઈન્ટરનેટ કનેક્ટ થઈ જાય એવા સ્માર્ટફોન માર્કેટમાં આ વર્ષે આવશે. સેટેલાઈટ ઈન્ટરનેટ અત્યારે સૌને મોંઘું લાગે છે, પરંતુ ભવિષ્યમાં એના યુઝર્સ વધશે. મોબાઈલ એવા બનશે કે તમારે સેટેલાઈટ ઈન્ટરનેટનો ઉપયોગ કરવો હશે તો તમે કરી શકશો. ઘણી કંપનીઓ પાછળના કવરને એવી રીતે ડિઝાઈન કરી રહી છે.

**AIના આગમન બાદ સ્માર્ટફોન ટેક્નોલોજીમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. 2025માં જે સ્માર્ટફોનનું ઉત્પાદન થયું એમાં AI ટૂલ્સનો છૂટથી ઉપયોગ થયો. 2026માં AI બેઝ્ડ સ્માર્ટફોનનો ટ્રેન્ડ આગળ વધશે. ભારતના વિશાળ ગેમર્સને ધ્યાનમાં રાખીને આ વર્ષે ગેમિંગ સ્માર્ટફોન મેઈનસ્ટ્રીમ બની જશે**

2026માં ખૂબ જરૂરી એક પરિવર્તન આવશે પર્યાવરણ ફ્રેન્ડલી ડિઝાઈન. ક્લાઈમેટ ચેન્જ હવે ક્લાઈમેટ ક્રાઈસિસ બની ગઈ છે ત્યારે ટેક્નોલોજી સસ્ટેનેબલ હોય તે દિશામાં વ્યાપક પ્રયોગો થઈ રહ્યાં છે. એમાં સસ્ટેનેબલ ડિઝાઈન અને મટિરિયલ મુખ્ય છે. મોબાઈલ એવા મટિરિયલમાંથી બનશે કે જે રિસાઈકલ થઈ શકે. અત્યારે ઈ-વેસ્ટથી દુનિયામાં હાહાકાર મચી ગયો છે. એ ઈ-વેસ્ટને પહોંચી વળવાનું કામ કપરું થતું જાય છે ત્યારે મોબાઈલ કંપનીઓ પણ સસ્ટેનેબલ મોબાઈલ પ્રોડક્શન તરફ વળી છે.

ભારતમાં ગેમર્સ વધતા જાય છે. આ વર્ષના અંતે દેશમાં 60 કરોડ ગેમર્સ છે. તેના કારણે ગેમિંગ ફોન્સ હવે મેઈનસ્ટ્રીમમાં આવશે. મોબાઈલ મેકર્સ કંપનીઓ ભારતના મોટા ગેમિંગ માર્કેટને ધ્યાનમાં રાખીને ગેમિંગ ફ્રેન્ડલી મોબાઈલ ફોન લાવી રહી છે. કુલિંગ ફેન્સ, શોલ્ડર ટ્રિગર્સ, RGB લાઈટિંગ, સ્ક્રીન રિફ્રેશ જેવા કન્ફિગ્રેશન હવે મોબાઈલમાં મળતાં થશે. આવા ફોન્સ થોડાં મોંઘા હશે, પરંતુ ભારતનું માર્કેટ તેના માટે સજ્જ છે. •

# મેરી હર બાત બે-અસર હી રહી નક્સ હૈ કુછ મેરે બયાન મેં ક્યા?

- જૌન એલિયા



## કેફિયત
★ હનીફ મહેરી

મારી દરેક વાત બેઅસર જ રહી, શું ત્રુટી છે મારા બોલવામાં કંઈ? તમારી વાત સામેના વ્યક્તિને અસર નહીં કરે ત્યારે તમારું બોલવું વ્યર્થ થઈ જાય. તમારા બોલવાની સામેના વ્યક્તિઓ પર કોઈ અસર નહીં થાય ત્યારે એવું લાગે કે વક્તવ્યમાં કોઈ ત્રુટી (નક્સ) રહી ગઈ હોય. આપણી વાત જ્યારે સામેના વ્યક્તિ સુધી નહીં પહોંચે ત્યારે તે વ્યક્તિને એ વાતની અસર નહીં થાય. બીજી રીતે કહીયે તો કોઈ વાતચીત વખતે પણ સામેના વ્યક્તિને તમારી વાત નહીં સમજાય ત્યારે એવું લાગે કે આપણી વાતમાં કોઈ કમી રહી ગઈ હશે. સભાઓમાં અપાતા વક્તવ્ય વખતે પણ ઘણી વખત શ્રોતાને કશું સમજાતું નહીં હોય કે પછી શ્રોતા કશું સમજી શકે તેવું બોલાતું નહીં હોય તેવી સ્થિતિ સર્જાય. પરંતુ ઘણીવાર બે વ્યક્તિ વચ્ચે થતી વાતચીતમાં પણ સામેની વ્યક્તિ કોઈ પ્રત્યુત્તર નહીં આપે કે હાવભાવથી પણ કોઈ જવાબ નહીં આપે ત્યારે એવું થાય કે આપણાં બોલવામાં કોઈ કમી રહી ગઈ હોય. પ્રિયજન અને આશિક વચ્ચેનો પ્રેમનો સંવાદ પણ જો આવી રીતે બિનઅસરકારક થઈ જાય તો બંનેના દિલ નારાજ થઈ જાય. આવું ઘણી જગ્યાએ બનતું હોય છે કે કોઈ વ્યક્તિ કશુંક ભારપૂર્વક કહે પરંતુ સામેથી તે વાતને જાણે સાંભળી જ નથી તે રીતે વર્તન થાય. ત્યારે બોલનારાને એવું લાગે કે કદાચ મારા બોલવામાં જ કોઈ કસર રહી ગઈ હશે. મારા બોલવામાં જ કોઈ ત્રુટી કે ભૂલ રહી ગઈ હશે. ત્યારે સાંભળનારા કરતા બોલનારા ઉપર તેની માઠી અસર જોવા મળે છે. આખા જીવનને બદલી નાંખે તેવી કોઈ ટકોર જ્યારે કોઈ કરતો હોય ને ત્યારે પણ જો તેનો યોગ્ય પ્રતિભાવ સાંભળનારાના ચહેરા ઉપર જોવા નહીં મળે ત્યારે બોલનારાની સ્થિતિ કફોડી બની જતી હોય છે. આ વાત બે પ્રેમ કરનારા વચ્ચે હોય કે પછી વક્તા અને શ્રોતા વચ્ચે હોય. જ્યારે બોલવાની અસર નહીં થાય ત્યારે બોલવાનો કોઈ અર્થ રહેતો નથી. આ રીતે બોલવા કરતા તો મૌન રહેવું વધુ બહેતર છે. •